

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 040
Dt.: 14-12-2025,
Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યાં

# કેરળમાં ભાજપની ભવ્ય જીત, ચાર દાયકા જુનો LDFનો ગઢ ધરાશાયી

## કેરળમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં BJPની જીતઃ તિરુવનંતપુરમ કોર્પોરેશન જ્યાં શશી થરૂર આ લોકસભાના સાંસદ છે ત્યાં ઐતિહાસિક વિજય

(સંપૂર્ણ સમાચાર સેવા)તિરુવનંતપુરમ

આજે રાજનીતિને લઈ ચોંકવનારા સમાચાર આવ્યા છે. કેરળમાં જ્યાં ભાજપની પ્રેજંસ નહીવત છે ત્યાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં BJPની જીત થઈ છે. લેફ્ટ અને કોંગ્રેસના ગઢમાં ભાજપે જોરદાર ગાબડું પાડ્યું છે. જેમાં તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. આ કોર્પોરેશન ચાર દાયકાથી વધુ સમયથી લેફ્ટ પાસે એટલે કે, LDF(લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ) પાસે હતું. તો આ વિસ્તાર જે લોકસભામાં આવે છે ત્યાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂર(કોંગ્રેસ) આ લોકસભા બેઠક પરથી સતત ચાર વખત સાંસદ તરીકે ચૂંટાયા છે.

લેફ્ટ અને કોંગ્રેસના ગઢમાં પણ ભાજપની જીત BJP માટે ખુબ મહત્વની છે. ભાજપની આ જીતથી કેરળના રાજકારણમાં રાજકીય સમીકરણો બદલાઈ શકે છે. અત્યાર સુધી ભાજપને કેરળના નામે ટોણો મારવામાં આવતો કે, અહીંયા કેમ જીતી શકતા નથી? પરંતુ આ જીતથી ભાજપે લેફ્ટ અને કોંગ્રેસ બંનેની ચિંતા વધારી દીધી છે. તિરુવનંતપુરમ માત્ર કેરળનું વહીવટી પાટનગર જ નહીં પરંતુ રાજકીય રીતે પણ મહત્વપૂર્ણ મતવિસ્તાર છે. રાજકીય વિશ્લેષકો માને છે કે આ જીત વિધાનસભા ચૂંટણીમાં બે કે ત્રણ બેઠકો જીતવા કરતાં ઘણી મહત્વની છે. મ્યુનિસિપલ કોર્પોરેશન જેવી મોટી શહેરી સંસ્થામાં સત્તા મેળવવી એ સૂચવે છે કે શહેરી મતદારો પરંપરાગત રાજકીય વિકલ્પો શોધી રહ્યા છે. આ પરિવર્તન એવા રાજ્યમાં આવ્યું છે જ્યાં કોંગ્રેસ કે લેફ્ટ જ અત્યાર સુધી સત્તામાં રહ્યા છે. આ જીત ભાજપ માટે માઈલસ્ટોન છે તો કોંગ્રેસ અને લેફ્ટ માટે વિમર્શનો વિષય. કેમ કે, નિષ્ણાત કોંગ્રેસ અને લેફ્ટની આ હાર એ તેમના સેક્યુલર રાજનીતિની હાર પણ માની રહ્યા છે. સ્થાનિક ચૂંટણીના વલણો સ્પષ્ટપણે દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં ન્હ્હ્ સામે વધતી જતી નારાજગી છે. મ્યુનિસિપલ ચૂંટણીઓમાં શાસન, શહેરી માળખાકીય સુવિધાઓ, પારદર્શિતા અને સ્થાનિક મુદ્દાઓ પ્રત્યે મતદારોનો અસંતોષ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. ભાજપે આ જીતને ઐતિહાસિક જનાદેશ ગણાવ્યો છે. પક્ષના નેતાઓના કહેવા પ્રમાણે આ પરિણામ કેરળમાં ભાજપના વધતા સંગઠનાત્મક આધાર અને બદલાતા મૂડનો પુરાવો છે. ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે અને આને કેરળમાં ભાજપના ભાવિ રાજકીય ભવિષ્ય માટે મજબૂત પાયા તરીકે જોવામાં આવી રહ્યું છે. બીજા રાજ્યના ભાજપી સમર્થકો પણ આ જીતથી ખુશ છે. આ દરમિયાન LDF નેતૃત્વએ પરિણામોને ગંભીરતાથી લીધા છે અને આત્મનિરીક્ષણ કરવાનું કહ્યું છે. લેફ્ટ નેતાઓ કહે છે કે ચૂંટણી પરિણામોનું વોર્ડ સ્તરે વિશ્લેષણ કરવામાં આવશે અને જો જરૂરી હોય તો સુધારાત્મક પગલાં પણ લેવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની ઐતિહાસિક જીત પર શહેરના લોકો અને પાર્ટી કાર્યકરોને અભિનંદન આપ્યા હતા. તેમને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું હતું કે,, "આભાર તિરુવનંતપુરમ! તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં ભાજપને જે જનાદેશ મળ્યો છે તે કેરળની રાજીનીતીમાં એક ઐતિહાસિક ક્ષણ છે. લોકોને વિશ્વાસ છે કે રાજ્યના વિકાસની આકાંક્ષાને માત્ર અમારી પાર્ટી જ પૂરી કરી શકે છે. આમારી પાર્ટી આ જીવંત શહેરના વિકાસ માટે કામ કરશે અને લોકો માટે ઈઝ ઓફ લીવીંગને બેહતર બનાવશે"

# અલ્લાહાબાદ હાઈકોર્ટનું ફરમાનઃ સારી નોકરી ધરાવતી પત્ની ગુજરાન ભથ્થાની હકદાર નહીં

## પત્ની પણ કોર્ટમાં દુધે ધોયેલી નહોતી આવીઃ શરૂઆતમાં તેણે બેરોજગાર અને અભણ હોવાનો દાવો કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અલ્લાહાબાદ

અલ્લાહાબાદ હાઈકોર્ટે એક ચુકાદામાં કહ્યું છે કે, જે પત્ની સારી નોકરી ધરાવે છે અને પોતાનું ગુજરાન ચલાવવા માટે પૂરતું કમાય છે તે સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળ ગુજરાન ભથ્થાની હકદાર નથી. ગૌતમ બુદ્ધ નગરના અંકિત સાહા દ્વારા દાખલ કરાયેલી રિવ્યુ પિટિશનની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશ મદન પાલ સિંહે ફેમિલી કોર્ટના એ આદેશને રદ કરી દીધો જેમાં પતિને માત્ર આવક સંતુલિત કરવા અને બંને પક્ષો વચ્ચે સમાનતા લાવવા માટે પત્નીને રૂ. ૫,૦૦૦ ગુજરાન ભથ્થું આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જોકે પત્ની ખુદ દર મહિને રૂ. ૩૬,૦૦૦ કમાતી હતી.



હાઈકોર્ટે કહ્યું કે, પત્ની પણ કોર્ટમાં દુધે ધોયેલી નહોતી આવી. શરૂઆતમાં તેણે બેરોજગાર અને અભણ હોવાનો દાવો કર્યો હતો, જ્યારે વાસ્તવિક રેકોર્ડ દર્શાવે છે કે તે પોસ્ટ ગ્રેજ્યુએટ છે અને સીનિયર સેલ્સ કોઓર્ડિનેટર તરીકે પણ કામ કરી રહી છે. અરજીમાં ગૌતમ બુદ્ધ નગર ફેમિલી કોર્ટના આદેશને પડકારવામાં આવ્યો હતો, જેમાં તેમને પોતાની પત્નીને ગુજરાન ભથ્થું આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. અરજદારે જણાવ્યું હતું કે, પત્નીએ ફેમિલી કોર્ટમાં સ્પષ્ટપણે બેરોજગાર હોવાનો દાવો કર્યો હતો, જોકે પુરાવા દર્શાવે છે કે તે પોસ્ટ ગ્રેજ્યુએટ અને વેબ ડિઝાઈનર છે અને તેને દર મહિને ૩૬,૦૦૦ રૂપિયા પગાર મળી રહ્યો છે. કોર્ટે કહ્યું કે, સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળ પત્નીને ગુજરાન ભથ્થું ત્યારે જ આપી શકાય, જ્યારે તે પોતાનું ભરણપોષણ કરવામાં અસમર્થ હોય, પરંતુ આ કેસમાં એવું નહોતું. આ કેસમાં પત્નીએ સ્વીકાર્યું હતું કે તે દર મહિને ૩૬,૦૦૦ રૂપિયા કમાય છે.

કોર્ટે કહ્યું કે, જે પત્ની પર બીજી કોઈ જવાબદારી નથી, તેના માટે આટલી રકમ ઓછી ન કહી શકાય. તેનાથી વિપરીત પતિ પર તેના વૃદ્ધ માતા-પિતાની અને અન્ય સામાજિક જવાબદારીઓ પૂર્ણ કરવાનો વધારાનો બોજ છે.

કલમ ૧૨૫(૧)(a) હેઠળ પત્ની તેના પતિ પાસેથી કોઈપણ ગુજરાન ભથ્થું મેળવવા માટે હકદાર નથી, કારણ કે તે એક કમાનાર મહિલા છે અને પોતાનું ભરણપોષણ કરી શકે છે.

### કેપ્ટન અમરિંદરનો ભાજપથી મોહભંગ!

# કેપ્ટન અમરિંદરના નિવેદનથી ફરી કોંગ્રેસમાં ઘરવાપસીના સંકેત

## તેમણે જણાવ્યું કે તેમને ભાજપનો અભિગમ કઠોર લાગે છે, જ્યારે કોંગ્રેસ પાર્ટી વધુ લવચીક અને સલાહકારી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ દિગ્ગજ નેતા અને હાલમાં ભાજપ રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય અમરિંદર સિંહે એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમને ભાજપનો અભિગમ કઠોર લાગે છે, જ્યારે કોંગ્રેસ પાર્ટી વધુ લવચીક અને સલાહકારી છે. કેપ્ટન અમરિંદર સિંહે કોંગ્રેસના શાસન દરમિયાન બે વાર પંજાબના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ ૨૦૨૨માં તેમની પાર્ટી, પંજાબ લોક કોંગ્રેસ (PLC)નું વિલીનીકરણ કર્યા પછી ભાજપમાં જોડાયા હતા. તેમણે ૨૦૨૧માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ છોડી દીધી હતી, કારણ કે તેમણે પાર્ટીના નેતા સોનિયા ગાંધી અને તેમના બાળકો, રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા ગાંધીના વર્તન પ્રત્યે નારાજગી દર્શાવી હતી. પંજાબમાં ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી પહેલાં અમરિંદર સિંહની તાજેતરની ટિપ્પણીઓને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કારણ કે, ભાજપ રાજ્યમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય શક્તિ તરીકે પોતાને સ્થાપિત કરવાનું ચાલુ રાખે છે. મીડિયા સાથે વાત કરતા, અમરિંદર સિંહે કહ્યું, "પંજાબ એક અલગ પ્રદેશ છે. તમે જુઓ, ભાજપ દરેક જગ્યાએ પ્રગતિ કરી રહી છે, પરંતુ પંજાબમાં કેમ નહીં? છેલ્લી ચૂંટણીઓ જુઓ, તેણે કેટલી બેઠકો જીતી, ભાગ્યે જ કોઈ. આનું કારણ એ છે કે ભાજપ એવા લોકો પાસેથી સલાહ લેતું નથી જેઓ ક્ષેત્રમાં રહ્યા છે, જેઓ શું કહેવું તે જાણે છે.

નિર્ણયો ટોચના સ્તરે લેવામાં આવે છે; કોંગ્રેસમાં પણ, નિર્ણયો ટોચના સ્તરે લેવામાં આવતા હતા, પરંતુ તેઓ અમારી પાસેથી, બધા પાસેથી, ધારાસભ્યો, સાંસદો પાસેથી સલાહ લેતા હતા. અહીં ભાજપમાં, મને નથી લાગતું કે કોઈએ પૂછ્યું હોય." કેપ્ટન અમરિંદર સિંહના તાજેતરના નિવેદનથી પંજાબના રાજકીય વર્તુળોમાં કોંગ્રેસ પાર્ટીમાં પાછા ફરવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જોકે, તેમણે આ વાતનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું તેઓ કોંગ્રેસ પાર્ટીને યાદ કરે છે, ત્યારે અમરિંદર સિંહે જવાબ આપ્યો, "ના, કોંગ્રેસ સિસ્ટમ અલગ હતી. મને તે સિસ્ટમની યાદ આવે છે. ત્યાં વ્યાપક પરામર્શ અને અનુભવનું મૂલ્ય હતું, જેનો ભાજપ પાસે અભાવ છે. કોંગ્રેસ મંતવ્યો સ્વીકારવામાં વધુ લવચીક છે; મને લાગે છે કે ભાજપનો અભિગમ થોડો કઠોર છે."

### અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝનું નિવેદન

# અમેરિકન વકીલને દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં ગરબડની આશંકા

## વકીલ માઈક એન્ડ્રૂઝે વિમાનમાં સંભવિત ઈલેક્ટ્રિકલ ખામી તરફ ધ્યાન દોરતા ગંભીર સવાલો ઉઠાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમદાવાદમાં સર્જાયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાને છ મહિના વીતી ગયા હોવા છતાં પીડિત પરિવારો હજુ પણ સત્ય અને વળતરની રાહ જોઈ રહ્યા છે. આ પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝે તપાસની પ્રગતિ અને દુર્ઘટનાના સંભવિત કારણો અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી સત્ય બહાર નહીં આવે ત્યાં સુધી પીડિત પરિવારોનો ઘા રુઝાશે નહીં. ઘણાં પરિવારો હજુ પણ તેમને વચન આપવામાં આવેલા વળતરની રાહ જોઈ રહ્યા છે. કેટલાક પરિવારો તેમના પ્રિયજનોની યાદો ધરાવતી નાની અંગત વસ્તુઓ, જેમ કે ક્રેશ થયેલી ફ્લાઈટમાંથી મળેલા સામાનનો ટુકડો, મેળવવાની આશા રાખી રહ્યા છે, જે તેમના માટે પ્રિયજનોની છેલ્લી યાદ છે. વિમાન દુર્ઘટનાની તપાસ અંગે, માઈક એન્ડ્રૂઝે કહ્યુ કે,એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો(AAIB)ના પ્રારંભિક રિપોર્ટમાં બહાર આવ્યા પછી આશા અને ચિંતા બંને વધી ગઈ છે. શરુઆતના દિવસોમાં આપઘાતના એન્ગેલની અટકળો સામે આવી હતી, જે પીડિત પરિવારો માટે ઝટકો હતો. આ અઠવાડિયે, ભારતીય તપાસ એજન્સી AAIB અને યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડે વોશિંગ્ટનમાં કોકપીટ વોઈસ રૅકોર્ડર અને ફ્લાઈટ ડેટા રૅકોર્ડર સાંભળ્યું અને તેની સમીક્ષા કરી. આ રૅકોર્ડિંગ્સ સંભવતઃ તે અંતિમ ફ્લાઈટ વિશે સત્ય ધરાવે છે.

વકીલ માઈક એન્ડ્રૂઝે વિમાનમાં સંભવિત ઈલેક્ટ્રિકલ ખામી તરફ ધ્યાન દોરતા ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, રેમ એર ટર્બાઈન(RAT)નું ટેકઓફ પછી તરત જ આપમેળે સક્રિય થવું અત્યંત અસામાન્ય છે. આવું સામાન્ય રીતે ત્યારે જ થાય છે જ્યારે વિમાનની ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ગંભીર ખામી સર્જાઈ હોય. એક બચી ગયેલા વ્યક્તિએ કેબિનની લાઈટ અચાનક બંધ થઈ જવાની અને પછી ફરી ચાલુ થવાની જાણ કરી હતી, જે પણ ઈલેક્ટ્રિકલ ફેલ્યોર તરફ ઈશારો કરે છે. મારી ટીમ બોઈંગ ૭૮૭ની ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં નવ-દસ વર્ષ પહેલાં જે ખામીઓ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો, તે આ અકસ્માતનું મૂળ કારણ હોઈ શકે છે કે કેમ તેની પણ તપાસ કરી રહી છે.

ભારપૂર્વક માઈક એન્ડ્રૂઝે જણાવ્યું કે, મારી ટીમ પુરાવા, ડેટા અને સત્યનો પીછો કરી રહી છે, જેથી પીડિત પરિવારોને ઝડપથી ન્યાય મળે અને તેઓ તેમના પ્રિયજનોના છેલ્લા શબ્દોને સમજીને રાહતનો શ્વાસ લઈ શકે.

ઉલ્લેખનીય છે કે, ૧૨મી જૂન ૨૦૨૫ના રોજ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાને અમદાવાદ ઍરપોર્ટ પરથી ઉડાન ભરી અને થોડીક સેકન્ડ પછી એન્જિનમાં ખામી સર્જાતાં વિમાન બી.જે. મેડિકલ કૉલેજ હોસ્ટેલ સાથે અથડાયું અને ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ૨૬૦ લોકોના મોત થયા હતા. જેમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ અને ૧૯ અન્ય નાગરિકોનો સમાવેશ થાય છે.

# ઈરાને ઓમાનની ખાડીમાં ૬૦ લાખ લીટર ડીઝલ ભરેલું ટેન્કર પકડ્યું

## અધિકારીએ એમ પણ કહ્યું કે, જહાજને રોકવા જતા પહેલા પોતાની તમામ નેવિગેશન સિસ્ટમ બંધ કરી દીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈરાન

ઈરાને ઓમાનની ખાડીમાં એક ઓઈલ ટેક્રરને જપ્ત કરી લીધું છે. ઈરાની મીડિયાએ શનિવારે સવારે આ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઓઈલ ટેક્રરમાં ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશના ૧૮ ક્રૂ મેમ્બર સવાર હતા.

ઈરાનની અર્ધસરકારી ફોર્સ ન્યૂઝ એજન્સીએ હોર્મોજગાનના દક્ષિણ પ્રાંતના એક અધિકારીના હવાલાથી જણાવ્યું કે, ઓમાન દરિયા કિનારા નજીક ૬૦ લાખ લીટર ગેરકાયદે ડીઝલ ઈંધણ લઈ જઈ રહેલા એક ઓઈલ ટેક્રરને કબજામાં લેવાયું છે. અધિકારીએ એમ પણ કહ્યું કે, જહાજને રોકવા જતા પહેલા પોતાની તમામ નેવિગેશન સિસ્ટમ બંધ કરી દીધી હતી.

ઈરાની સેના નિયમિત રીતે તે જહાજોને રોકવાની જાહેરાત કરે છે, જે અંગે તેઓ કહે છે કે તે ખાડીમાં ગેરકાયદે ઈંધણ લઈ જઈ રહ્યા છે. ઈરાનમાં છૂટક ઈંધણના ભાવ દુનિયામાં સૌથી ઓછા છે, જેને લઈને બીજા દેશોમાં સ્મગલિંગ કરવું ખૂબ જ ફાયદાકારક હોય છે. ગત મહિને જ ઈરાની અધિકારીઓએ વધુ એક ટેક્રરને જપ્ત કર્યું હતું, જેમાં એક ગેરકાયદે કાર્ગો હોવાનો દાવો કરાયો હતો. જોકે, ઈરાની અધિકારીઓએ જણાવ્યું કે, આ કાર્યવાહી કોઈ દેશ સાથે બદલો લેવાની ભાવના નથી.

ઈરાનના આ ક્ષેત્રમાં કોમર્શિયલ જહાજોને નિશાન બનાવવાનો ઈતિહાસ રહ્યો છે. નવેમ્બરમાં તેણે હોર્મુઝ જલડમરૂમધ્યમાં માર્શલ આઈલેન્ડ્સના ઝંડા વાળા ટેક્રર તલારાને જપ્ત કર્યું હતું. તેહરાને આરોપ લગાવ્યો હતો કે, આ સિંગાપુર જતા સમયે પેટ્રોકેમિકલ ઉત્પાદનોની ગેરકાયદે ખેપ લઈ જઈ રહ્યું હતું. આ ઓપરેશન એક કોર્ટના આદેશ બાદ થયું હતું.

ઈરાને આ લેટેસ્ટ કાર્યવાહી અમેરિકા દ્વારા વેનેઝુએલાના દરિયાકાંઠે એક ઓઈલ ટેક્રર જપ્ત કર્યાના બે દિવસ બાદ કરી છે. વોશિંગ્ટને કહ્યું કે, જહાજ હિઝબુલ્લાહ અને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્ટનું સમર્થન કરનારા પ્રતિબંધિત ઓઈલ નેટવર્કનો ભાગ હતો. અમેરિકન નાણા વિભાગે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર અને હિઝબુલ્લાહ સાથે કથિત કનેક્શન માટે વેનેઝુએલા પર પ્રતિબંધ લગાવાયો હતો. અમેરિકન કોસ્ટગાર્ડે એક હેલિકોપ્ટરથી જહાજ પર ચઢીને તેના પર કબજો કર્યો હતો.


તમારાં જૂનાં બેંક ખાતામાં રાખેલાં નાણાં ભૂલી ગયાં છો?



જે તમારાં છે એ પાછાં મેળવવામાં આરબીઆઈ તમને સહાયતા કરશે.

તમારી બેંકના નિષ્ક્રિય ખાતાંમાં (2 વર્ષ કરતાં વધારે અને 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહેલાં) રહેલાં નાણાં/ દાવો ના કરાયેલ ડિપોઝિટ(10 વર્ષથી અધિક) આરબીઆઈના ડીઈએ ખાતામાં ટ્રાન્સફર થાય છે. તમે અથવા તમારા કાયદાકીય વારસદાર ગમે ત્યારે દાવો કરી શકે છે.

તમારાં નાણાં માટે દાવો કરવાનાં 3 સરળ પગલાં

1. તમારી બેંકની કોઈપણ શાખાની મુલાકાત લો, એ ભલે તમારી નિયમિત શાખા ના હોય તો પણ
2. કેવાયસી દસ્તાવેજોની (આધાર, પાસપોર્ટ, વોટર આઈડી, અથવા ડ્રાઈવિંગ લાયસન્સ) સાથે ફોર્મ જમા કરો
3. ચકાસણી પછી, જો કોઈ હોય તો, તમારાં નાણાં વ્યાજ સહિત મેળવો.

તમારી દાવો ના કરાયેલ ડિપોઝિટ શોધવા

તમારી બેંકની વેબસાઈટ સર્ચ કરો અથવા આરબીઆઈનું UDGAM પોર્ટલ તપાસો (https://udgam.rbi.org.in) જેમાં હાલમાં 30 બેંક આવરી લેવામાં આવી છે.

ઑક્ટોબરથી ડિસેમ્બર 2025 દરમિયાન દેશભરમાં તમામ જિલ્લાઓમાં સંચાલિત દાવો ના કરેલી સંપત્તિ ખાસ શિબિરોની મુલાકાત લો




વધુ વિગતો માટેઃ
https://rbikehtahai.rbi.org.in મુલાકાત લો
પ્રતિસાદ માટે, rbikehtahai@rbi.org.in પર લખી મોકલો
ક્યૂઆર કોડ સ્કૅન કરો
અધિકૃત વૉટ્સએપ નંબર 99990 41935

જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

